

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હે ! પ્રતિનિધિ! તમારો 'વહીવટ' જોવાઈ ગયો!*
*લોકશાહી ને બંધારણનો પાયો ધોવાઈ ગયો!*
*કોહવાઈ ગયો વિશ્વાસ 'ચૂંટણી'ની પદ્ધતિ થી -*
*કાયદાને ન્યાયમાં 'સુપ્રીમ' હાથ છવાઈ ગયો!*

### હાઈકુ

*ધોલ મારીને -*
*જગાડે છે સુપ્રીમ,*
*કુંભકર્ણોને...*
*(સામાજિક ન્યાય માટે)*

*લાગે તો તીર !*
*લાગ જોઈ 'બાપુ' એ*
*મારી સોગઠી!*
*(૨૦% દેસું)*

### ચિંતન

**દરશન કીજૈ સાધુ કા, દિન મેં કઈ કઈ બાર,**
**અસોજા કા મેંહ જ્યોં, બહુત કરે ઉપકાર**

માનવીમાં સારી અને નબળી વૃત્તિઓની બે ધારાઓ સતત વહેતી રહે છે. સારું કામ કરવાનો નિર્ણય કર્યો હોય પણ કંઈક અંતરાય-પ્રલોભન આવી જાય અને સારો સંકલ્પ અધૂરો રહે - કબીરના મતે સાધુ સાથે સતત સત્સંગ કરવાથી સત્-ચિત્ વૃત્તિ પાંગરે છે. હીનવૃત્તિમાંથી નિવૃત્તિ મળે છે. કબીર સત્સંગની જરૂરિયાત અને લાભ સમજાવવા તે અષાઢ મહિનાના મેઘની ઉપમાનો ઉપયોગ કરે છે. જેમ સૂર્ય કન્યા રાશિમાં હોય અને અષાઢ આવતાં જ વર્ષાના વધામણા માટે સમગ્ર સૃષ્ટિ આતુર હોય તે રીતે સાધુના મિલન દર્શન માટે તત્પર રહેવું જોઈએ. જમીન, ખેતી અને સૌ જીવોને અષાઢના વરસાદ સાથે શાતા મળે છે. નવા અંકુર ફૂટવાની સાથે ધાન્યનું સર્જન અને જીવોનું પ્રજનન ઝડપી બની લાભ થાય છે. તેમ સત્સંગના સુફળ મળે છે. ગરમ ધરાને જેમ મેઘજળથી તૃપ્તિ થાય છે તેમ સાધકને સાધુના જીવન-વચનમાંથી પ્રેરણા મળે છે. મોક્ષ માર્ગ સરળ બને છે.

### સુવિચાર

- સંજોગો સુધરે નહીં ત્યારે આપણે કેટલા સુધરી શકીએ છીએ, એ વિશે વિચારવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- બુદ્ધિને કેવળે તે બુદ્ધ થાય... બુદ્ધિને વેડફે તે બુદ્ધુ બને - **જનકલ્યાણ**
- એ લોકો આખરે ફાવી ગયા, જે સમયસર બીજ વાવી ગયા - **નાઝ માંગરોળી**
- પીડા એ જીવનદર્શનની ઉત્તમ શિક્ષક છે - **રમેશ ઓઝા**
- સફળતા માટેનો મારો મક્કમ નિર્ધાર હશે તો નિષ્ફળતા કદી મારા સુધી પહોંચી નહીં શકે - **ગ્રેગરી પેક**
- આ દુનિયામાં સહુને તિરાડોમાંથી ઝાંકવાની ટેવ છે, બારણા ખુલ્લા મુકી દો કોઈ નહીં ફરકે - **રશ્મિ શાહ**
- હે નિરાશા... જીંદગીમાં તું પણ ઉપયોગી થઈ, એક નિષ્ફળતા મળી તો કેટલીયે દિશાઓ નવી ખુલી ગઈ - **રાજુ અંધારિયા**
- આજનું ઔષધ : ઘુંટણના દુ:ખાવામાં એરંડાનાં પાન સાથે મહેંદીના પાન વાટીને લેપ કરવાથી રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર નિદાન સાચું ન થાય તો પણ દર્દી-વ્યક્તિ સમાજ હેરાન પરેશાન થાય છે. સમસ્યાનું નિદાન ચોક્કસ મૂળ પાયાનું હોવું જોઈએ. દા.ત. ગુન્હેગાર સમાજનું મૂળ તેના વ્યસની સમાજમાં છે સમાજમાંથી વ્યસન દૂર થાય તો સમાજ મૂલ્ય નિષ્ઠ આપોઆપ થાય.

નવસારીના એક પારસીબાવાને ગળાં-માથાંનો સખત દુખાવો થતો આંખના ડોળા બહાર આવી ગયા હતા અને કાનમાં સતત તમરાં બોલતાં હતા.

પારસીબાવા ગામના - મુંબઈના સ્પેશિયાલીસ્ટોને બતાવી બતાવી થાક્યા. આંખમાં કાનમાં અનેક ટીપાં નાખ્યા-ખારા-મીઠા પાણીના ગળા માટે કોગળા કરી કરી થાક્યા. ચશ્મા-નંબરો બદલાવ્યા - પૈસાનું પાણી થઈ ગયું.

થાકી હારી જૂના દરજી મિત્રની દુકાને બેઠા હા. ત્યાં રોદડાં રડતાં આંખે આંસુ આવી ગયાં. દરજી મિત્રનું ધ્યાન ગળાં પાસે ઉપસેલી નસો પર ગયું. કહ્યું બાવાજી! તારું દર્દ પકડી ગયું - શર્ટ બદલી નાખ! મિત્રએ તરત ખૂલતાં ગળાનાં બે શર્ટ બનાવી આપ્યાં. ફીટ ગળાના શર્ટ પહેરવાની ટેવ તેની મૂળ સમસ્યાનું કારણ હતું. બાવાજીને બધુ મટી ગયું. ખૂશખૂશાલ થયા. પછી દરજી મિત્રને બાવાજી 'ડૉકટર સાહેબ!' જ કહેતા થયા.


## ગુણવંત શાહ ગુજરાતી ભાષાના પ્રથમ 'સાહિત્ય રત્ન'

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પહેલી જ વાર શરુ કરાયેલ 'સાહિત્ય રત્ન' એવોર્ડ જાણીતા સાહિત્યકાર અને વિચારક ડૉ. ગુણવંત શાહને એનાયત થયો છે. ગુણવંત શાહ સવિશેષ એમની રળિયામણી ચિંતનપ્રધાન કટારોને લીધે અખબારી આલમના સૌથી લોકપ્રિય કટાર લેખક તરીકે જાણીતા છે તેમ એમનાં વિવિધ પુસ્તકોએ પણ 'બેસ્ટ સેલર' યાદીમાં નામ નોંધાવી એમને વાચકો અને પ્રકાશકોના 'મોસ્ટ વોન્ટેડ' લેખકની પ્રતિષ્ઠા અપાવી છે. મૂળે શિક્ષણ વિદ્યાશાખાના આ પ્રોફેસર શરુઆતમાં મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનમાં અને તે પછી વિદેશની યુનિવર્સિટીઓમાં પણ સેવાઓ આપી ચૂક્યા છે અને યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા શિક્ષણ સંદર્ભે પ્રકાશિત થયેલું એમનું પુસ્તક વર્ષો પછી એટલું જ અગત્યનું ગણાતું રહ્યું છે. પરંતુ ગુણવંત શાહ સોળે કળાએ ખીલ્યા છે. ચિંતનાત્મક નિબંધોમાં. એમનાં અનેક પુસ્તકોની અનેક આવૃત્તિઓ થતી રહી છે. 'કાર્ડિયોગ્રામ', 'રણ તો લીલાંછમ' અને 'વિચારોનાં વૃંદાવનમાં' જેવી અતિશય લોકપ્રિય અખબારી કટારોનાં શીર્ષક સામાન્યથી માંડી પ્રબુદ્ધ વાચકની જીભે ચડ્યાં, તે એમની મોટી સિદ્ધિ છે. આ જ શીર્ષકોનાં પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે. એમનાં જીવન ચિંતન વિષયક નિબંધોએ ગુજરાતી પ્રજાો ઘેલું લગાડ્યું છે અને ભૂતકાળમાં પ્રજામાં કથાસાહિત્ય કે કવિતાના ક્ષેત્રે પ્રદાન કરનાર ર.વ. દેસાઈ, ક.મા.મુનશી અને ઝવેરચંદ મેઘાણી જેવી જ લોકપ્રિયતા એકવીસમી સદીના પ્રારંભિક તબક્કે આ સર્જકને સાંપડી છે. આ બાબત ઘણી મહત્ત્વની એટલા કારણસર છે કે જયારે ગુજરાતી ભાષા અને પુસ્તકો - બેઉ પર પોતાની ઓળખ ગુમાવી દેવાનો વસમો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે આ સર્જકના પુસ્તકો હોટ કેકની જેમ વેચાય છે. 'કૃષ્ણનું જીવન સંગીત,', 'પતંગિયાની આનંદયાત્રા' અને 'મરો ત્યાં સુધી જીવો' જેવાં પુસ્તકો ઉપરાંત આ લેખકે ગાંધી-ચિંતનની લા-જવાબ શ્રેણી આપી છે અને રામાયણ તથા મહાભારત જેવાં પ્રશિષ્ઠ ભાષ્ય આપ્યાં છે. સરદાર પટેલ ઉપરનું એમનું પુસ્તક પણ બહુચર્ચિત છે. ગુણવંત શાહે ગુજરાતી ભાષાની ઝંખવાતી છબીને સ્વચ્છ કરી ગુજરાતીઓ સમક્ષ રજૂ કરવા માટે 'નરસિંહ થી નર્મદ' પર્યંત માતૃભાષા વંદના યાત્રાનું આયોજન કરી સાહિત્યકારના સામાજિક દાયિત્વનું સમ્યક્ નિર્વહન કર્યું હતું તો વળી તે મહત્ત્વનું સમ્માન અને રાષ્ટ્રીય સ્તરે 'પદ્મશ્રી' સમ્માન મુખ્ય છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ નવો શરુ કરેલ સર્વોચ્ચ પુરસ્કાર 'સાહિત્ય રત્ન' ગુણવંત શાહને મળે છે, તે સર્વથા યોગ્ય ગણાશે કારણ કે વર્તમાન કેન્દ્ર-રાજય સરકારની વિચારધારા સાથે પણ અન્ય

**તંત્રીસ્થાનેથી...**

પૂર્વે પંચશીલ યાત્રા પણ કાઢી હતી. અન્ય સર્જકો કરતાં ગુણવંત શાહ અનેક મુદ્દે જુદા પડે છે. સામાન્ય રીતે લેખકો લખીને ઇતિશ્રી માની લેતા હોય છે. ગુણવંત શાહ જેટલા મોટા લેખક છે એથી ઘણા મોટા વક્તા છે. એમને સાંભળવા તે પણ એક લહાવો ગણાય છે. સાહિત્યક્ષેત્રે અપાતાં સમ્માનો પૈકી રણજિતરામ સુવર્ણચંદક જેવું સાહિત્યકારોની સરખામણીમાં ગુણવંત શાહનું ટ્યૂનિંગ રહ્યું છે. સવિશેષ એમની લોકપ્રિય કટારમાં વારંવાર 'સ્યૂડો સેક્યુલર' પરિબળો સામે તેઓ આક્રોશ વ્યક્ત કરતાં રહ્યાં છે, તે સૂચક છે. મોરારિ બાપુ અને રાજયનાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં એનાયત થયેલ રાજકીય સમ્માન બદલ ગૌરવશાળી સર્જકને હાર્દિક અભિનંદન!

## રાષ્ટ્રીય પુસ્તક મેળામાં કાગની વાતો



એકવાર મેઘાણીભાઈને કોઈએ પૂછ્યું : ''મેઘાણીભાઈ, તમે કવિ કાગને મળ્યા છો ?'' મેઘાણીભાઈએ જવાબમાં ના કહી. આથી પ્રશ્ન પૂછનારે વાતનો દોર લંબાવતા કહ્યું : ''મેઘાણીભાઈ! તમે તેમને જરૂર મળજો. કવિ કાગ તો ફાટેલ પિયાલાનો ચારણ કવિ છે.'' મેઘાણીભાઈના મનમાં આ શબ્દો જાણે કોતરાઈ ગયા. ''ફાટેલ પિયાલાનો કવિ!'' હવે ક્યારે મેળાપ થાય! મેઘાણીભાઈના મનમાં કાગને મળવાની ઉત્સુકતાએ ઘર કર્યું. ઝવેરચંદ મેઘાણીની આ ખૂબી હતી. કારણ કે એ ખરા અર્થમાં સંશોધકનો જીવ હતા. આથી તેમના સ્વભાવ મુજબ કાગને મળવા ઉત્સુકતા થાય તે સ્વાભાવિક વાત હતી. એમાં એક દિવસ ભાવનગરમાં જેની વાટ જોવાતી હતી તે ઘટના બની. મેઘાણીભાઈને કોઈએ કવિ કાગની ઓળખ કરાવી. સાદા પાનકોરના કપડામાં વિંટળાયેલા આ તેજસ્વી આંખોવાળા અને ઘાટા કેશ-દાઢી વાળા સીધા અને સરળ છતાં પ્રભાવી વ્યક્તિત્વ ધરાવતા નિજાનંદી કવિને જોઈ મેઘાણીભાઈએ પ્રસન્નતાનો ભાવ અનુભવ્યો. અલબત્ત, મેઘાણીભાઈની અનુભવી આંખોએ ક્ષણમાત્રમાં એ બાબત સમજી લીધી કે આ ચારણ કવિ કોઈ રાજદરબારમાં જઈને ઊભો રહેનાર કવિ નથી. મેઘાણીભાઈની આ પ્રતિતિ સર્વથા સાચી પડી. કવિ શ્રી દુલા ભાયા કાગ જેને જગત ભગતબાપુના સન્માનયુક્ત નામથી ઓળખે છે તેઓ રાજદરબારના આકર્ષક માર્ગને છોડીને લોકદરબારમાં ગયા. લોકવાણીનો પ્રતિઘોષ આ કવિની બળકટ વાણીમાંથી ઊઠ્યો છે. કવિએ નૂતન યુગને પારખ્યો છે. મેઘાણીભાઈએ કાગની રચનાઓમાં નવપ્રયાણની પગલીઓનું દર્શન કરેલું છે. સાહિત્ય મર્મજ્ઞ શ્રી વિનુ મહેતાને કાગવાણી ''લોકગ્રંથ સાહેબ'' જણાય છે. અમદાવાદ મહાનગરપાલિકાએ પાંચમા નેશનલ બુક ફેરનું આયોજન તા.૧ મે ૨૦૧૬ થી તા.૩ મે ૨૦૧૬ દરમિયાન કર્યું. ગુજરાતના સ્થાપના દિન સાથે સંકળાયેલી આ એક મહત્વની ઘટના છે. પુસ્તકમેળા-૨૦૧૬ ની ગૌરવયુક્ત ઘટના એ હતી કે આ મેળાની શરૂઆત જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા શ્રી રઘુવીર ચૌધરીના સન્માનથી તથા તેની પૂર્ણાહૂતી પદ્મ એવોર્ડ વિજેતા શ્રી ભીખુદાન ગઢવીના સન્માનથી થઈ હતી.શહેર તથા રાજ્યને આ બન્ને સરસ્વતી ઉપાસકોએ ગૌરવ અપાવેલું છે. અનેક પ્રકારની સાહિત્યીક પ્રવૃત્તિઓનું અહીં સુગ્રથિત આયોજન થયેલું જોઈ શકાતું હતું. કવિ કાગની પણ અનેક રચનાઓ લોક સાહિત્યના ઉપાસકો પાસેથી લોકોએ પુસ્તકમેળામાં યોજાયેલા વાર્તાલાપો, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સાંભળી અને માણી. કવિ કાગની રચનાઓ કાળના ધસમસતા પ્રવાહમાં પણ નિજ સત્વને કારણે ટકી રહી છે તેની પ્રતિતિ થઈ હતી. કવિ કાગની વાણી એ ગંગોત્રીની ભવ્ય ધારા સમાન ઉજ્વળ તથા પાવક છે.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સાહિત્યના અનેક સ્વરૂપોમાં કવિ કાગનું નોંધપાત્ર પ્રદાન છે. આમછતાં તેમની વાણી ભજનોમાં સોળે કળાએ ખીલી ઊઠી હોય તેમ સતત અનુભવી શકાય છે. તેમની અનેક રચનાઓ તો લોકજીભે ચડી ગયેલી છે અને સતત ગવાતી તથા સંભળાતી જોવા મળે છે. ''પગ મને ધોવા દ્યો રઘુરાય'' કે 'આવકારો મીઠો આપજે' એ આ પ્રકારની રચનાઓ છે. અનેક વિષયોને પસંદ કરીને વિચાર તથા આચારની ઉન્નતિ માટે પ્રોત્સાહક બની શકે તેવી રચનાઓ કવિએ સમાજના ચરણે ભેટ ધરી છે. કવિ તેમની એક રચનામાં લખે છે કે માણસ માત્ર માટે પ્રકાશની પ્રાપ્તિ સહજ છે. અજવાળું તો આવવા તૈયાર છે પરંતુ આપણે તે માટે બારી-બારણાં તો ખોલવા પડે ને ? નૂતન વિચારોના સ્વાગત અને સ્વીકાર માટે કવિને ખુલ્લા દ્વાર જેવું જીવન અનુકૂળ જણાય છે.

*તમારાં દ્વાર ખોલો તો આવું*
*બાર તમારે કાયમ બેસું*
*યાદ કરો તો આવું.... તમારા....*
*કાગ નિયમ છે કાયમ એવો*
*ખુલ્લા દ્વારમાં જાવું...*
*હું અજવાળું જગ અજવાળું*
*બાર નહિ ખખડાઉં... તમારાં...*

કવિ ક્રાંતદ્રષ્ટા હોય છે. આગમના એંધાણ કવિ પારખે છે. કવિ પોતાની આ અનુભૂતિનો

**અનુસંધાન પાના નં. ૭ પર**

## થાય અહીં એ દુર્ઘટના કે એક માણસને બીજો માણસ ગળી જતો અજગરની જેમ

વિશાળ દુનિયામાં આમ-તેમ ભટકયા માણસોની ભીડ વધી રહી છે. મહાનગરોમાં માણસોનો દરિયો વહી રહ્યો છે. સવારે નોકરી-ધંધે જવાના સમયે કે પાછા આવવાના સમયે સડકો પર કીડી-મંકોડાની જેમ ઊભરાતા લોકોના ટોળા નજરે ચડે છે. કો'ક દિવસ રિલીફ રોડ કે ગાંધી રોડની આજુબાજુની કોઈ ઈમારત પર ચડીને માનવ વસ્તીની દોડને જોવી જોઈએ... બધા ભીડમાં ચાલે છે, એકબીજાને અથડાતા જાય છે... પરંતુ કોઈ સાથે ચાલતું નથી. બધા એકલા-અટૂલા ચાલે છે... માણસોમાં માણસાઈ મિસિંગ છે.

થાય અહીં એ દુર્ઘટના કે એક માણસને
બીજો માણસ ગળી જતો અજગરની જેમ
- રમેશ પારેખ

મોબાઈલ ફોનની સિમકાર્ડ મેમરી અને ફોનબુક મેમરી ફુલ થઈ જાય એટલા કોન્ટેક્ટ નંબર આપણે સેવ કર્યા છે, ટેલિફોન ડાયરીમાં 'એ' માં અમિતાભ થી માંડી 'ઝેડ' પર ઝીણાભાઈ સુધીના નંબર તથા એડ્રેસીસ ખીચોખીંચ ભરેલા હોય છે.



વિચારયાત્રા
ડો. જય ઓઝા

નેટ પર રોજના થોકબંધ મેલ આપણે મોકલતા રહીએ છીએ, મેળવતા રહીએ છીએ... ફેસબુક, વોટ્સએપ જેવી સોશિયલ સાઈટ્સ પર આપણા મિત્રોનો થોકબંધ આંકડો બોલી રહ્યો હોય છે...

સવારે ઊઠીને જોગિંગ કરવા જઈએ ત્યારે મસમોટા ગૃપ સાથે 'હાય હલ્લો' નો વ્યવહાર હોય છે. કયારેક જ્યુસ કે સવારની ચાની ચૂસ્કી માણીને રિલેશન મેઈન્ટેઈન કરતા રહીએ છીએ... વળી પાછા ઑફિસ કૉલેજ કે વ્યવસાયના સ્થળ પર 'સો કોલ્ડ' સાથી કાર્યકર સાથે જાણે ભવોભવની સગાઈ હોય તેમ બત્રીસી ચમકાવતા ગાલના ગલોફા સંકોચતા હાસ્ય સાથે ઝીણી આંખ કરીને હસ્તધનૂન કરવાનું.

'પહેલો સગો તે પાડોશી' એ કહેવત પ્રમાણ સાંજ પડે ઓટલા પરિષદ ભરવાની.

પણ જયારે આપણા હૃદયના ટુકડા સમા કોઈ વ્યક્તિને હોસ્પિટલના બિછાને મૂકીને ઓપરેશન માટેના રૂપિયાની વ્યવસ્થા કરવાનો સમય આવે ત્યારે ખીચોખીચ ભરેલી ફોનબુકમાં કેટલાં નંબર કામ લાગે છે? જયારે કોઈ તમારી નિખાલસતાનું વસ્ત્રાહરણ કરીને તમને લોહીલુહાણ કરી ગયું હોય ત્યારે પેલા ઈ-મેલિયા મિત્રોમાંથી કેટલાની સાથે ચેટ કરી શકશો?

ધંધામાં ખોટ ખાવાનો વારો આવ્યો હોય કે આર્થિક સંકડામણ અનુભવતા હોઈએ, જીવ મૂંઝાતો હોય ત્યારે 'ટેલિફોન બુક'માંથી અમિતાભથી માંડી ઝીણાભાઈ સુધીના દરેક નંબર પર આંગળીઓ દબાવીને હાથ દુખાડ્યા પછી 'ઝેડ' પછી કયો આલ્ફાબેટ શોધવા નીકળશો?

શિષ્ટાચાર પતાવવા માટે જયારે આપણો સફળતાનો સૂર્ય ચડ્યો હોય ત્યારે જન્મદિવસ પર એસએમએસ અને ફોનની ભરમાર મચી જાય છે. અલગ-અલગ રીતથી વીશ કરતા લોકો આપણી થાકી ન જઈએ ત્યાં સુધી શુભેચ્છા પાઠવતાં રહે છે.

'ઊતર્યો અમલદાર કોડિનો' ન્યાયે કામ સરી ગયા પછી કોઈ ભોજ્યો ભાઈ ભૂલથી પણ જન્મતારીખ યાદ રાખતો નથી.

અરે દુ:ખની જ ક્યાં વાત કરો છો! એકાદ સાંજે મન ભરીને નદી કિનારે સૂર્યાસ્ત માણવો હોય તો ચેલેન્જથી કહી શકાય કે એવો કોઈ વીરલો નહીં હોય જેને તમારી સાથે બેસવાનો સમય હોય...

'મૈં કીસે કહું મેરે સાથ ચલ,
યહાં કૌન ઈતના કરીબ હૈ...'

મુસીબતોનો સૂર્ય જયારે બરાબર માથા પર નગારા વગાડતો હોય ત્યારે તો પડછાયો પણ સાથ નથી આપતો..., તો પછી બીજાની તો શું અપેક્ષા રાખવી!

અણીના સમયે, દુ:ખ કે નિષ્ફળતા વખતે જો એવી કોઈ વ્યક્તિ ધ્યાનમાં ન આવે કે જેને રીંગ કરીને પાસે બોલાવી શકાય. તો પછી રાઈટ નાવ, અત્યારથી જ આપણા હૃદય અને મનના મોબાઈલમાંથી એવા ફોર્મલ અને ગરજાઉ નામ અને નંબર ડિલીટ કરવાનું શરુ કરી દઈએ જેથી કરીને ખરા ટાણે નંબર ડાયલ કરીએ ત્યારે રોંગ નંબર ન લાગે.

શ્રી રાજેન્દ્ર રાજનનું એક કાવ્ય... પીરસવાનું મન થાય છે.

*મૈં જિતને લોગો કો જાનતા હૂં*
*ઉન મેં સે બહુત કમ લોગોં સે હોતી હૈ મિલને કી ઈચ્છા*
*બહુત કમ લોગો સે હોતા હે બતિયાને કા મન...*
*બહુત કમ લોક હૈ ઐસે*
*જિન સે કતરા કર નિકલ જાને કી ઇચ્છા નહીં હોતી...*
*કામ-ધંધે, ખાને-પીને, બીવી-બચ્ચોં કે સિવા*
*બાકી ચીજો કે લિયે*
*બંધ હૈ લોકો કે દરવાજે*
*બહુત કમ લોગો કે પાસ હૈ થોડા સમય*
*તુમ્હારે સાથ હોને કે લિયે...*
*શાયદ હી કોઈ તૈયાર હોતા હૈ*
*તુમ્હારે સાથ કુછ ખાને કે લિયે...*
*જિસ સમય કાપ રહી હૈ યહ પૃથ્વી...*
*મનુષ્યોં કી સંખ્યા કે ભાર સે*
*ગાયબ હો રહે હૈ*
*મનુષ્યતા કે મોર્ચે પર લડતે હુએ લોગ...*
*- રાજેન્દ્ર રાજન*

**ટચુકડી જા x ખ**
**માણસ જોઈએ છે...**
**લાયકાત : ઉપરનો લેખ વાંચીને સમજી લેવી.**

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## નાના માણસોમાં સમાયેલી પ્રામાણિકતા જયારે નજરે પડે છે ત્યારે દુનિયા હજી જીવવા જેવી છે એની પ્રતીતિ થાય છે

'સાયેબ બહુ ગરમી છે ને બહુ તરસ લાગી છે... પાણીના પાઉચના પૈસા આપાનો... ભગવાન તમારું હારું કરશે... બહુ તરસ લાગી છે સાયેબ...'

મનીષને એક ૮-૧૦ વર્ષની ગરીબ છોકરીએ કહ્યું, મનીષે એને દસ રૂપિયા આપ્યા. એ છોકરીએ પાણીના પાઉચ ખરીધ્યા નહિ ને તોયે મનીષને એ પૈસા વેડફાયાનો અફસોસ ન હતો. કારણ શું હતું?

એકાદ મહિના પહેલાની ઘટના છે. રાજય સરકારમાં અધિકારી તરીકે કાર્યરત મનીષને શનિ-રવિની રજા હતી. સવારમાં જ પત્ની સાથે બેસીને લાંબા સમયથી જે કામો પડતર હતા અને થઈ શકે તેમ હતા (રાજય અને કેન્દ્ર સરકારની કચેરીઓ કે બેન્કોના કામો ન થઈ શકે કારણ કે ત્યાં પણ રજાઓ હોય) તેવા કામોની યાદી બનાવી હતી. ચા-નાસ્તો કરીને નીકળી પડવાની ગણતરી હતી કારણ કે ઉનાળાની શરુઆત થઈ ચુકી હતી. એમાંય અમદાવાદની ગરમી. અહીં હવે દર વર્ષે લગભગ ૮ મહિના ગરમીનો પ્રભાવ રહેતો હોય છે. લોકો પણ ટેવાતા ગયા છે છતાં તડકો સહન ન થાય અને તેના તાપથી બચી શકાય એના તમામ ઉપાયોના ઉપયોગ કરતા રહે છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

મોટી દીકરી એન્જીનીયર હતી તે રોજ સ્કૂટર લઈને પકવાન ચાર રસ્તા પાસે તેમની ઓફિસે જતી હતી. મનીષને આજે થયું કે આટલા બધા કામ છે, આટલી બધી જગ્યાએ જવાનું છે, કાર પાર્ક કરવાના અને ટ્રાફિકના પ્રશ્નો નડશે. એટલે મનીષે પોતાની કારમાં જવાના બદલે આયોજન એવું કર્યું કે એ અને એની દીકરી સાથે નીકળે, ઓફિસે દીકરી ઊતરી જાય અને પછીથી સાંજે આ પાછા ફરતા દીકરીને સાથે લેતો આવે.

'જો જો આ કામ ભુલતા નહિ, માથે સફેદ રૂમાલ બાંધજો.' પત્નીએ નીકળતી વખતે કહ્યું ને પરાણે સફેદ રૂમાલ આપ્યો. ત્યાં માતાએ કહ્યું, 'બેટા, સાથે પાણીની બોટલ પણ રાખ, આજે જ છાપામાં સરકારે જાહેરખબર છાપી છે કે પાણી પીતા રહેવું.' એટલે સાથે પાણીની બોટલ પણ લીધી અને સ્કૂટર પર પિતા-પુત્રી નીકળી પડ્યા. પુત્રીના કામના સ્થળ પર એને ઉતારીને મનીષ પોતાના કામો પુરા કરવા નીકળી પડ્યો.

બે-ચાર કામો પતાવ્યા અને એક જગ્યાએ સ્કૂટર પાર્કીંગમાંથી બહાર કાઢી રહ્યો હતો મનીષ, બરાબર મધ્યાહને તપેલો સૂરજ એની પૂરી તાકાત બતાવી રહ્યો હતો.

અચાનક ફોનની રીંગ વાગી, મનીષે ફોન પર વાત શરુ કરી ત્યાં સામેથી એક ૮-૧૦ વર્ષની ગરીબ છોકરી એની સામે દોડીને આવી. ફાટેલા કપડાં, ઓળ્યા વિનાના વાળ, પગમાં પગરખાં પણ નહિ, સ્નાન કરવાની જગ્યાનો અભાવ હશે અથવા એની મહત્તા સમજી નહિ હોય એટલે શરીર પર ધૂળને મેલ ને કાળાશ દેખાઈ આવતા હતા. સ્કૂટર પાસે મનીષને આવેલો જોઈને એ દોડતી આવી. એનો પરિવાર થોડે દૂર ફૂટપાથ પર જ રહેતો હતો. રસ્તા પર નાની-મોટી વસ્તુઓ તથા રમકડાં અને ફુગ્ગા વેચીને ગુજરાન ચલાવનાર શ્રમિક પરિવારની આ દીકરી આખો દિવસ આમ-તેમ રમે, ભૂખ લાગે ત્યારે માંગીને જમી લે અને કોઈના તરફથી પૈસા મળે તો સાચવીને રાખે અથવા મા-બાપને આપી દે.

મનીષ ફોનમાં બીઝી હતો ત્યારે સામે આવીને એણે બે-ત્રણ વાર ઈશારાથી કાંઈક આપોને 'એવો ભાવ વ્યક્ત કર્યો.' મનીષે જોયું ખરું પણ ફોન પર વાત કરતો રહ્યો. પેલી છોકરીએ બે-ત્રણ-ચાર વાર ફરી મુંગા મુંગા ઈશારા કરીને પાણી માંગતી હોય - પાણી પીવું છે એમ જણાવતી હોય એવી સંજ્ઞા કરી.

ફોન પુરો થયો એટલે પેલી છોકરીએ તીવ્રતાથી પોતાની વાત મુકી અને લેખના આરંભે લખેલો સંવાદ કહ્યો. મનીષને યાદ આવ્યું કે ઘરેથી નીકળતી વખતે પોતાની પત્ની અને માતાએ આ ગરમીમાં શરીરની કાળજીની અને પાણીની જરુરીયાતની કેવી કેવી સૂચનાઓ આપી હતી.

મનીષે એ છોકરીને લાગણીવશ દસની નોટ આપી. એ લઈને એ છોકરી બાજુમાં પાનના ગલ્લે જઈ પૈસા આપી પાણીના પાઉચ માગ્યા. દુકાનદારે નથી એમ કહ્યું એ મનીષે દુર ઊભા ઊભા જોયું... એને રસ પડ્યો. પેલી છોકરીએ મનીષ સામે જોયું - ફરી દુકાનદારને પૈસા આપી એવો સંવાદ કર્યો કે પાણીના પાઉચ આપો - પેલાને ના પાડી જરા ગુસ્સામાં કે નથી... ફરી દયામણા ચહેરે છોકરીએ મનીષ સામે જોયું. બાજુમાં દુકાનદારની માલીકીનો પાણીનો જગ-વોટર બોટલ હતી. પેલી છોકરીએ દુકાનદારની પરવાનગી લઈને એમાંથી પાણી પીધું - બે ગ્લાસ ભરીને એ પાણી પી ગઈ... એની નજર સતત મનીષ સામે હતી... ગરીબ હતી પણ ખુમારી અને સચ્ચાઈ સાથે જાણે કહેતી હતી કે તમે આપેલા પૈસાથી પાણી નથી મળ્યું એટલે આ પાણી પીઉં છું... એ ત્યાંને ત્યાં જ હજી ઊભી હતી... મનીષને થયું એને વધુ સમય રોંગ બોક્સમાં નથી મુકવી... એ એની સામે હસ્યો એ છોકરીએ પણ નિર્દોષ હાસ્ય કર્યુ... એણે હાથ હલાવી આવજો કહ્યું ને મનીષ રવાના થયો.



જે છોકરીનું નામ-ઠેકાણું ખબર નથી. એવી એક શ્રમિક પરિવારની એની છોકરી એની નાની વયમાં સચ્ચાઈના અને પ્રામાણિકતાના પાઠ મનીષને સમજાવી ગઈ.

આજકાલ આખી દુનિયામાં જે વાતાવરણ છે તે જોતાં એવું જ લાગે કે કયાંયે સચ્ચાઈને નથી, કયાંયે પ્રામાણિકતા નથી પરંતુ વાસ્તવમાં આવું નથી હોતું.

મોટા માણસો એમના માન-મોભાને એકબાજુએ રાખીને પૈસા અને સત્તાના માટે સહુ પોટપોતાની જરુરીયાત મુજબ ભલે ખોટું કરતા હશે પરંતુ નાનો માણસ તેની નાની નાની જરુરીયાતો પુરી કરવા પ્રામાણિકતાથી જીવવાનો પ્રયત્ન જરુર કરે છે.

એક અર્થમાં માગેલી રકમનો સાચો પ્રયોગ - એ જ દિશામાં વાપરવાની તેની પ્રતિબદ્ધતા એવા વ્યક્તિને ભિખારી તરીકે નહી જોતા એના માટે આદર જન્માવે છે. નાના માણસોમાં સમાયેલી આવી પ્રામાણિકતા જયારે નજરે પડે છે ત્યારે દુનિયા હજી જીવવા જેવી છે એની પ્રતીતિ થાય છે અને આપણી આસપાસ અજવાળા થાય છે.

**તેજપુંજ :**

**યે અલગ બાત હૈ કી ખામોશ ખડે રહતે હૈ,**
**લેખિન જો બડે હોતે હૈ, વો બડે હી રહતે હૈ,**
**- રાહત ઇન્દોરી**

**મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,**
**નાનાઓની મોટાઈ જોઈ જીવું છું,**
**- ઉમાશંકર જોષી**